### લીમખેડા અને સિંગવડમાં કેશનો કકળાટ, ખાતેદારો પરેશાન

## દાહોદ જિલ્લાની બેંકોમાં નાણાંની તંગીથી હાલાકી: પોતાના જ પૈસા માટે ભટકતા લોકો

**લગ્ન** મોસમમાં ચાંદલા પ્રથાને અસર, ગરીબ પરિવારો પર વધારાનો બોજ




(પ્રતિનિધિ) લીમખેડા, સિંગવડ:, તા.17
દાહોદ જિલ્લાના લીમખેડા અને સિંગવડ તાલુકાની રાષ્ટ્રીયકૃત બેંકોમાં રોકડ રકમની ભારે તંગી સર્જાતા ખાતેદારો મુશ્કેલીમાં મુકાયા છે. પોતાના જ બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડવા માટે લોકો વારંવાર બેંકના ધક્કા ખાઈ રહ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ગ્રાહકોને "હાલ કેશ નથી, કાલે આવો" જેવા જવાબો મળતા હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લોકોને બેંકિંગ વ્યવહાર તરફ પ્રોત્સાહિત કરવામાં આવે છે, છતાં બેંકોમાં આવી પરિસ્થિતિ ઊભી થવી ગંભીર પ્રશ્ન બની છે. હોળી બાદ દાહોદ જિલ્લામાં આદિવાસી અને બક્ષી સમાજમાં લગ્ન મોસમ પૂરજોશમાં ચાલી રહી છે. આ સમાજમાં ચાંદલા પ્રથામાં રોકડ વ્યવહારનું વિશેષ મહત્વ હોય છે. પરંતુ બેંકોમાં પૂરતી કેશ ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોને બજારમાંથી ઊંચા વ્યાજે રૂપિયા લેવાની ફરજ પડી રહી છે, જેના કારણે ગરીબ પરિવારો પર આર્થિક બોજ વધી રહ્યો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બેંકોમાં પૂરતી રકમ જાળવવાની જવાબદારી હોવા છતાં કેશની અછત સતત જોવા મળી રહી છે. જિલ્લા અને તાલુકા સ્તરે નિયુક્ત લીડ બેંક મેનેજર દ્વારા આવી સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા જોઈએ, છતાં તંત્ર મૌન હોવાનું લોકોનું કહેવું છે.

સ્થાનિકોએ સરકાર અને સંબંધિત અધિકારીઓને માંગ કરી છે કે બેંકોમાં પૂરતી કેશ ઉપલબ્ધ કરાવવામાં આવે અને ખાતેદારોને ધક્કા ન ખાવા પડે તે માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે.

### વેજલપુર નજીક ખરસલીયા ચોકડી ઉપર ગમખ્વાર અકસ્માત

## ટ્રાફિક હટાવવા ગયેલા ટીઆરબી જવાનને ટ્રેલરે કચડી નાખ્યો, 2ના મોત, 8 ઘાયલ



(પ્રતિનિધિ) કાલોલ, તા.17
ટ્રાફિક હટાવવા ગયેલ ટીઆરબી જવાનનુ પણ અકસ્માતમાં મોત કાલોલ તાલુકા વેજલપુર ગામે આવેલ ખરસલીયા ચોકડી ઉપર ગમખ્વાર અકસ્માત ૨ નાં મોત, ૮ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે મળતી માહિતી મુજબ લુણાવાડા નો એક પરિવાર રમઝાન ઈદ આવતી હોવાથી બાળકો ને ગોધરા માંથી ઈદ ના કપડાંની ખરીદી કરવાની હોવાથી લુણાવાડા થી મારૂતિ વાન લઈને વેજલપુર ખાતે તેઓના બહેન ના ઘરે આવ્યા હતા અને ત્યાં જમણવાર પતાવી રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં વેજલપુર થી ગોધરા ઈદ ના કપડાંની ખરીદી કરવા જતાં હતા તે વખતે એક સાથે ચાર ગાડી ઓનો વેજલપુર ગામે આવેલ ખરસલીયા ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વેજલપુરના મફતભાઈ જયંતીભાઈ બારીયા એ નોંધાવેલ ફરીયાદની વિગત જોતા સોમવારે રાત્રે સાડા દસ વાગ્યે ખરસાલીયા ચોકડી પાસે એક ડમ્પર રોડ ક્રોસ કરતું હતું ત્યારે એક બાઈક ઊભી હોય ટ્રાફિક જામ થયો હોય ટીઅરબી જવાન જગદીશભાઈ બારીયા ટ્રાફિક ક્લિયર કરાવવા ગયેલ તે સમયે ગોધરા તરફથી એક લાંબુ ટ્રેલર પૂર ઝડપે આવી ડમ્પર અને આઈસર તેમજ મારૂતિવાન ને તેમજ ટીઆરબી જવાન જગદીશભાઈ બારીયા ને અડફેટે લઈ રોડ બાજુની દુકાને અથડાયું હતુ મારુતિ વાનને બન્ને બાજુથી નુકશાન કરેલ જેથી ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તો ને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કન્ટેનર, આઈસર,ટ્રેલર,વાન સહિત ચાર વાહનો વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં બે લોકોના ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યા છે, જ્યારે આઠ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.આ અકસ્માતમાં વેજલપુર ગામના TRB જવાન જગદીશ મફતભાઈ બારિયા અને લુણાવાડા નો વાન ચાલક અશરફ રશીદ પઠાણ નું મોત થયું હતું અકસ્માત એટલો ભયંકર હતો કે જેમાં બે યુવાન વ્યક્તિઓએ પ્રાણ ગુમાવ્યા છે અકસ્માત માં ગંભીર ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખાનગી વાહનો અને 108 એમ્બ્યુલન્સમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અકસ્માત માં એક ને બંને પગના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે વડોદરા ખાતે ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને વેજલપુર પોલીસ નો કાફલો ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. હાલ પોલીસ દ્વારા ગંભીર અકસ્માતને લઈને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે આ અકસ્માત માં બાળકો સહિત ૯ સભ્યો ઈજાગ્રસ્ત થયા છે જેમાં ૧ પુરૂષ ૪ મહિલા ૪ બાળકો નો ઈજાઓ થઈ હતી જેમાંથી એક પુરૂષ ની હાલત ગંભીર હોવાથી વડોદરા રિફર કરવામાં આવ્યો હતો અને અકસ્માતમાં મૃત્યુ પામેલ TRB જવાન જગદીશ મફતભાઈ બારિયા અને વાન ચાલક અશરફ રશીદ પઠાણની લાશ પીએમ અર્થે ખસેડવામાં આવી વેજલપુર પોલીસ બેડા માં અને ટીઆરબી જવાનના પરિવાર સહિત ઈદની ખરીદી માટે મારુતિ વાનમાં નીકળેલ વાન ચાલક ના પરિવારજનોમાં માતમ છવાયો હતો અને વેજલપુર પોલીસે ટ્રેલર ચાલક સામે અકસ્માત નો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

### હાલોલના ગોધરા રોડ પર પૈસાની લેતી-દેતીનો મામલો

## ઉઘરાણી બાબતે બોલાચાલી થતા મામલો બિચક્યો અને એકનુ માથુ ફાડી નાખ્યું



(પ્રતિનિધિ) હાલોલ, તા.17
હાલોલના ગોધરા રોડ ઉપર દેના બેન્ક પાસે ગત મોડી રાત્રે પૈસાની લેતી દેતી મા એકનું માથું ફાડી નાખ્યું બનાવ સંદર્ભે પોલીસે ત્રણ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે હાલોલના દાવડા ખાતે રહેતા વિનોદ ભાઈ ગોરધન ભાઈ પંચાલ ઉંમર વર્ષ 46 ઘરે હતા ત્યારે તેમના દીકરા અક્ષયના મોબાઈલ ઉપર મિત્ર નો ફોન આવ્યો હતો અને મિત્ર એ પૈસાની લેતી દેતી બાબતે ગાળો બોલતો હતો એની જાણ મને કરતા હું બાઈક લઇ હાલોલ ના ગોધરા રોડ પર દેના બેન્ક પાસે ગયેલ ત્યાં અમુક છોકરા ઉભેલા હતા રાજેશ બારોટને પૂછ્યું ઓમ બારોટ કોણ છે અને ક્યાં રહે છે તેવું પૂછતા ઉશ્કેરાઈ જઈ રાજેશ બારોટ એ માબેન સમાની ગાળો બોલી બુમા બૂમ કરતા ઓમ બારોટ અને ધવલ બારોટ પણ ત્યાં આવી ગયા હતા અને માર જુડ ચાલુ કરી દીધી હતી એમાં ઓમ બારોટે હાથમાં પહેરેલું કડુ નાકના ભાગમાં મારી દીધેલ અને ધવલ બારોટ એ હાથમાં લોખંડની પાઈપ હોય મને માથાના ભાગે મારી દીધી હતી તેથી લોહી નીકળતા લોક ટોળા એકઠા થઈ ગયા હતા . લોકો ભેગા થવાથી તેઓ ત્યાંથી ભાગી ગયા હતા અને મને ઈજાઓ થયેલ હોવાથી તાત્કાલિક હાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવેલ ત્યાં મને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે હાલોલ ની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ બનાવ સંદર્ભે હાલોલ પોલીસ મથકે રાજેશ બારોટ, ધવલ બારોટ અને ઓમ બારોટ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### દાહોદની જીવનદીપ રાધાનગર સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

## બંધ મકાનમાંથી રૂ.4.05 લાખના સોના-ચાંદીના દાગીના ચોરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.17
દાહોદ જીવનદીપ રાધાનગર સોસાયટીમાં રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરો એક બંધ મકાનને નિશાન બનાવી તે મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશી તિજોરી તોડી રૂપિયા ૪.૦૫ લાખ ઉપરાંતની કિંમતના સોના ચાંદીના દાગીના ચોરીને લઈ ગયાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેરની જીવનદીપ રાધાનગર સોસાયટીમાં ગત તારીખ ૧૨-૩-૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને જીવનદીપ રાધાનગર સોસાયટીમાં રહેતા આશાબેન પારસિંગભાઈ વસૈયાના બંધ મકાનને નિશાન બનાવી બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી નાખી મકાનમાં પ્રવેશ્યા હતા અને પહેલા માળે આવેલ ત્રીજા નંબરના રૂમમાં મૂકી રાખેલ તિજોરીનું લોક તોડી તિજોરીના અંદરના ડ્રોવરમાં મૂકી રાખેલ સોનાનું એક મંગળસૂત્ર, સોનાની એક ચેઈન, ચાંદીના મોટા પાયલ જોડ-૧, આશાબેનની છોકરીના નાના ચાંદીના પાયલ જોડ-૨, ચાંદીની બે બંગડી તેમજ ચાંદીની એક વીંટી વગેરે મળી કુલ રૂપિયા ૪,૦૫,૫૦૦/-ની કુલ કિંમતના સોના ચાંદીના દાગીના ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ૩૧ વર્ષીય આશા બેન પારસિંગભાઈ વસૈયાએ દાહોદ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કોડ તથા એફએસએલની મદદની માગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલમાં તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) હાલોલ,તા.17
આગામી મુસ્લિમ બિરાદારોના પવિત્ર તહેવાર એવા રમઝાન ઈદ,હિન્દુ સમુદાયનો રામનવમી તેમજ સિંધી સમાજનો ચેટીચાંદ પર્વ તહેવાર ની ઉજવણી થનાર છે.તે અંતર્ગત હાલોલ ટાઉન પોલીસ મથકે સેકન્ડ પીઆઇ એ બી.ગામીત અને પીએસઆઈ જે.બી.ઝાલાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાલોલ નગરના વિસ્તારોમાં શાંતિ અને સલામતી સુરક્ષા જળવાઈ રહે અને આગામી તમામ સમાજના તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને દરેક વિસ્તારમાં શાંતિ સલામતી સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે ઉદ્દેશ સાથે સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત આગેવાનો સાથે સીધો સંવાદ કરતા સેકન્ડ પીઆઇ એ.બી. ગામીત એ જણાવ્યું હતું કે આગામી સમયમાં રમઝાન ઈદ,રામનવમી અને ચેટી ચાંદનો તહેવાર આવી રહ્યો છે અને તમામ લોકો તમામ તેહવારની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં ઉજવે તેવી અપીલ કરાઈ હતી. બેઠકમાં હાલોલ નગરના મુસ્લિમ તેમજ હિન્દુ સમાજના અગ્રણીઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરા પોલીસે આરોપીઓનો 15 કિ.મી. સુધી ફિલ્મી ઢબે પીછો કર્યો

## નીલગાયનો શિકાર કરવા આવેલા ત્રણ શખ્સોને હથિયારો સાથે ઝડપી લીધા



(પ્રતિનિધિ) ગોધરા,તા.17
પંચમહાલ ગોધરા રેન્જ આઈજી વિધી ચૌધરી અને જિલ્લા પોલીસ વડા ડો. હરેશ દુધાતની સૂચનાથી શહેરા પોલીસનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. શહેરા પોલીસ મથકના એ.એસ.આઈ. રામસિંહ અને હેડ કોન્સ્ટેબલ બાબુભાઈ ચલાલી ચોકડીથી વાઘજીપુર તરફ જતા રોડ પર પેટ્રોલિંગ કરી રહ્યા હતા, ત્યારે જંગલની ઝાડીમાંથી બંદૂકથી ફાયરિંગનો અવાજ આવ્યો હતો. પોલીસે સરકારી ગાડીની લાઈટ કરતા જંગલમાંથી નીલગાયનું ટોળું દોડતું જોવા મળ્યું હતું. આ દરમિયાન જંગલમાંથી એક ફોર-વ્હીલર ગાડી પૂરઝડપે બહાર આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે ગાડી વાઘજીપુર તરફ ભગાડી મૂકતા પોલીસે તેનો પીછો શરૂ કર્યો હતો. આ શંકાસ્પદ ગાડી વાઘજીપુર બજારમાંથી પસાર થઈ ગોધરા તાલુકાના બખ્ખર અને ત્યાંથી ધોળી તરફ આગળ વધી હતી. પોલીસે ગોધરા કંટ્રોલ રૂમને પણ જાણ કરી દીધી હતી. આશરે પંદર કિલોમીટર સુધીના પીછા બાદ બોડીદ્રા ગામના વળાંકમાં પૂરઝડપે જતી શિકારીઓની કાર પલ્ટી ખાઈ ગઈ હતી. કાર પલ્ટી ખાતા જ પોલીસે દોડી જઈને અંદર સવાર ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. તેમની ઓળખ સીરાઝ સુલેમાન ખરાદી (રહે. ખાડી ફળિયા, ગોધરા), વસીમ ફારૂક દોલતી (રહે. ધનત્યા પ્લોટ, ગોધરા) અને અયુબ એહમદ કમલી (રહે. બખ્ખર, મૂળ રહે. ખાડી ફળિયા, ગોધરા) તરીકે થઈ છે. પોલીસે પંચો રૂબરૂ સિલ્વર કલરની હોન્ડા અમેઝ કાર GJ-17-BN-9900માં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતની એક બાર બોરની ડબલ બેરલ બંદૂક અને રૂપિયા ૮૪૦ ની કિંમતના સાત જીવતા કારતૂસ મળી આવ્યા હતા. અકસ્માતને કારણે ગાડીના કાચ અને બોનેટ તૂટી ગયા હતા, જેની કિંમત રૂપિયા ૪ લાખ આંકવામાં આવી છે.

## સુખસરના મોટા નટવાનો 25 વર્ષીય યુવાન ગુમ થતા પોલીસમાં જાણ કરાઈ



(પ્રતિનિધિ) સુખસર,તા.17
સુખસર તાલુકાના મોટા નટવાના કેસર ફળિયામાં રહેતા સ્વપ્નિલકુમાર વાલમસિંહ ચરપોટ(ઉંમર વર્ષ.25)નાઓ ગત 14 માર્ચના સવારના 8 વાગ્યાના અરસામાં હું ખુલ્લામાં બાથરૂમ જાઉં છું તેમ જણાવી ઘરેથી નીકળ્યા બાદ મોડે સુધી પરત ઘરે નહીં આવતા આસપાસ,ગામમાં,આજુબાજુના ગામડાઓ તથા સગા સંબંધીઓમાં તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી.જેથી ગુમશુદા સ્વપ્નિલ કુમાર ની પત્ની પ્રિયંકા બેને સુખસર પોલીસ સ્ટેશનમાં પોતાનો પતિ ગુમ થવા બાબતે જાહેરાત આપતા સુખસર પોલીસે જાણવા જોગ નોંધ લઈ સ્વપ્નિલ કુમારની ભાળ મેળવવા તપાસ ચાલુ કરી હોવાનું જાણવા મળે છે. ગુમશુદા સ્વપ્નિલ કુમાર ઘરેથી નીકળ્યા તેવા સમયે શરીરે રાખોડી, સફેદ તથા ભૂખરા કલરની આડા પટ્ટા વાળી ટીશર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ હતું. જમણા હાથે ટચલી આંગળીની બાજુવાળી આંગળી એ ચાંદીની વીંટી પહેરેલ છે.તથા તેઓ ગુજરાતી તથા હિન્દી ભાષા બોલી તથા સમજી શકે છે.જે કોઈને પત્તો મળે તેમણે સુખસર પોલીસ સ્ટેશનમાં અથવા મોબાઈલ નંબર 93166 41 139 ઉપર જાણ કરવા જણાવાયુ છે.

### દાહોદ જિલ્લામાં રસોઈ ગેસની અછતને પહોંચી વળવા ઉર્જાના સ્વદેશી રસ્તા અપનાવતા આદિવાસી પરિવારો

## સુખસર તાલુકાના પાંચ ગામોમાં બાયોગેસ સ્થાપિત કરાયા

**બાયોગેસથી** બળતણ માટે લાકડાની બચત અને રાંધતી વખતે ધુમાડાથી રાહત મળે છે



(પ્રતિનિધિ) સુખસર,તા.17
હાલ મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે રસોઈ ગેસ આપૂર્તિના લીધે ઘણી બધી શંકાઓ આશંકાઓ પ્રચલિત થઈ રહી છે.આ વચ્ચે આદિવાસી પરિવારોએ ઉર્જાના સ્વદેશી રસ્તા અપનાવવા તરફ વળ્યા છે. સુખસર તાલુકાના ગામોમાં વાગ્ધારા સંસ્થાના માર્ગદર્શનમાં લગભગ છ પરિવારોને પોતાના ઘરોમાં બાયોગેસ સયંત્ર સ્થાપિત કર્યા હોવાનું જાણવા મળે છે.હવે તે ઘરોમાં રસોઈ બાયોગેસ ચૂલા ઉપર ચાલી રહ્યા છે. અને ગ્રામિણો એલ.પી.જી સિલિન્ડરની અનિશ્ચિતતા થી રાહત અનુભવી રહ્યા છે. ખરેખર ગેસની અછતના આ દિવસોમાં ઈરાન અમેરિકા વચ્ચે તણાવના કારણે સંભવિત ગેસ આપૂર્તિ સંકટની ચર્ચા વચ્ચે ઘણા બધા વિસ્તારોમાં રસોઈ ગેસને લઈને ચિંતા વધી રહી છે.આવા સમયમાં સુખસર તાલુકાના અમુક આદિવાસી પરિવારોને સંસાધનો થી ઉર્જા આત્મ નિર્ભરતાનો રસ્તો અપનાવી લીધો છે.એક ઉદાહરણ તરીકે જોઈએ તો બાયોગેસ સયંત્ર થી ફક્ત જમવાનું બને એવું નથી પરંતુ જંગલથી લાકડા લાવવાની મજબૂરી ઓછી થઈ છે.સાથે ચુલાના ધુમાડાથી સંભવિત સ્વાસ્થ્ય સમસ્યા ઓથી મહિલાઓને રાહત મળી રહી છે.આ રીતે ઘરોની પાસે ખેતરમાં બાયોગેસ પ્લાન્ટ બનાવી શકાયછે.

સુખસર તાલુકાના ભિતોડી, પાટડીયા, ઘાણીખુટ, માધવા, લખણપુર અને હડમત ગામોની અંદર એક-એક ખેડૂત ભાઈને ત્યાં બાયોગેસ સયંત્ર લાગેલા છે. જીતુભાઈ પારગી ભીતોડી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,આ એક બદલાવની મિસાલ છે.પહેલા અનેક પરિવારો રોજ જંગલમાં જાય અને લાકડા લાવી અને ભોજન બનાવતા હતા.પરંતુ હવે ઘરમાં બાયોગેસ સયંત્ર થી ભોજન બને છે.પ્લાન્ટથી નીકળતો બાયોગેસનો ઉપયોગ ગ્રામીણ ભોજન બનાવવામાં અને અન્ય કાર્યોમાં ઉપયોગ થાય છે.વાગ્ધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે,બાયોગેસ સયંત્ર પર્યાવરણ માટે એક વરદાન રૂપ છે.બાયોગેસ ફક્ત બળતણ નથી. પરંતુ પર્યાવરણ રક્ષણ માટેનું એક મોડલ છે.

વનનું રક્ષણ થાય છે. લાકડાની અછતને પુરી પાડે છે.જેથી વૃક્ષોનુ નિકંદન રોકાય છે. નીકળતો સેલરી જમીનની ફળદ્રુપતા વધારે છે. સ્વસ્થ સુધાર જેનાથી ગામડા પણ સાફ સુથરા રહે છે.અને ગામમાં ફેલાતી ગંદકી પણ ઓછી થાય છે.

## સિંગવડ તાલુકામાં LPG ગેસ 10 થી 15 દિવસથી નહીં મળતા ગેસ ગ્રાહકોને મુશ્કેલી

(પ્રતિનિધિ) સિંગવડ, તા.17
સિંગવડ તાલુકામાં એક પણ ગેસ એજન્સી નહીં હોવાના લીધે સિંગવડ તાલુકાના ગેસ ગ્રાહકોને લીમખેડા તથા દાહોદ ની ગેસ એજન્સી પર નભવું પડતું હોય છે જ્યારે હાલમાં એલપીજી ગેસની અછત ઊભી થતા સિંગવડ તાલુકાના ગામડાના લોકોને 10 થી 15 દિવસથી ગેસની બોટલો માટે ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે જ્યારે લીમખેડા સોના ગેસ તથા દાહોદ ભારત ગેસ એજન્સી દ્વારા સિંગવડ તાલુકામાં દસ દિવસથી એક પણ ગેસની ગાડી આવીને બોટલો આપવામાં આવ્યા નથી જેના લીધે ગેસ ગ્રાહકોને લીમખેડા તાલુકા તથા દાહોદ સુધી લાંબુ થવું પડે છે અને ત્યાંથી લાવવા મજબૂર થવું પડ્યું છે

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે પ્રાથમિક શાળા ખુંટજ ખાતે નીચે જણાવેલ સ્થળે અને સમયે શાળાના બે (૨) ઓરડા ઉતારવાની જાહેર હરાજી રાખવામાં આવેલ છે.તો રસ ધરાવતા ઈસમોએ જણાવેલ સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ: હરાજીમાં ભાગ લેવા રૂ.૫૦૦૦/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળ: ખુંટજ પ્રાથમિક શાળા, તા. મહુધા, જિ.ખેડા
તા. ૨૩/૦૩/૨૦૨૬ સોમવાર, સમય : બપોરે ૦૨:૦૦ કલાકે

મુખ્ય શિક્ષક તથા S.M.C સમિતી
પ્રા.શાળા ખુંટજ, તા:મહુધા, જિ.ખેડા